આવતીકાલનો ઉજાસ

નિધિ કે પટેલ
ધોરણ-૯, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

નિધિ જીઆઈપીએસની બેસ્ટ ગર્લ સ્ટુડન્ટ છે. છેલ્લાં સાતેક વર્ષથી શાળાના શિક્ષકોની તે માનીતી વિદ્યાર્થીની છે. ભણવામાં તેજસ્વી, આશાંકિત અને ઉત્સાહી છે. નિધિને ૨૦૧૦માં ટેક્વોન ડો સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો હતો. આર્ટ એન્ડ ક્રાફ્ટમાં રાજ્ય કક્ષાએ યોજાતી ચિત્ર સ્પર્ધામાં તેણે એ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

હાલ તે જીઆઈપીએસમાં હેડ ગર્લ તરીકે કામ કરે છે. સ્કૂલમાં લેવાતી પરીક્ષામાં દર વર્ષે ૯૦ ટકા જેટલું પરિણામ તે પ્રાપ્ત કરે છે. ભવિષ્યમાં ઉચ્ચ કારકિર્દી બનાવી માતા-પિતા-ગુરુ અને શાળાનું નામ રોશન કરવાની તેને મહેચ્છા છે.

આત્મન્ અભિવ્યક્તિ બાળશિબિરમાં બાળકોએ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો

તસવીર : કુંતલ નિમાવત

ગાંધીનગર, તા. ૩

આત્મન્ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા તાજેતરમાં જ આત્મન્ અભિવ્યક્તિ બાળશિબિર યોજાઈ ગઈ. ગાંધીનગરની વિવિધ શાળાઓનાં ૪૦ ઉપરાંત બાળકોએ વિવિધ જ્ઞાન-ગમ્મતની તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓનો નૈસર્ગિક વાતાવરણમાં આનંદ માણ્યો હતો.

આ બાળશિબિરમાં બ્રિધિંગ ઍક્સરસાઈઝ, નૃત્ય, નાટક, માટીકામ, ક્લે વર્ક, ચિત્ર અને ક્રાફ્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના પ્રયોગો, બાળગીત-વાર્તા, આરોગ્ય વિષયક માર્ગદર્શન વગેરે પ્રવૃત્તિઓનો બાળકોએ આનંદ માણ્યો હતો.

વિષય નિષ્ણાત તરીકે સર્વશ્રી કુંતલ નિમાવત, નફીસાબેન, સરયુબેન, વિક્રમ જાની, દક્ષા ભાવસાર, પ્રજ્ઞા ગજ્જર, અદિતિબેન, એચ બી વરિયા, જયશ્રી ખેતીયા, તુષાર દવે, ડૉ. તરલિકાબેન, ડૉ. મનિષા શુક્લ વગેરેએ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

જ્યારે સર્વશ્રી લીનાબેન મહેતા, સુધા શુક્લ, પ્રજ્ઞા પટેલ, હસમુખ મેકવાન, સી એલ લમહેતા વગેરેએ શિબિર સંચાલનમાં સહયોગ આપ્યો હતો. શિબિરના અંતે બાળકોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સંસ્થા તરફથી શિબિરાર્થી બાળકોને પ્રમાણપત્ર અને સુંદર ભેટ આપવામાં આવી હતી.

આજે સે-૨૦ની પ્રાથમિક શાળામાં નિવૃત્તિ વિદાય સમારંભ

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨૦/૧ની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી જશુબેન કે. વૈષ્ણવની વયનિવૃત્તિના કારણે તા. ૩૧ મી મેના રોજ નિવૃત્ત થનાર છે. તે નિમિત્તે સન્માન સમારોહ તા. ૪ થી મેના રોજ સવારે નવ કલાકે સેક્ટર-૨૦/૧ ની પ્રાથમિક શાળામાં યોજાનાર છે.

આજે પંચમુખી મહાદેવ મંદિરનો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૫-એ ખાતે આવેલા શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંચમુખી મહાદેવ મંદિરનો પાટોત્સવ આજે તા. ૪ થી મે ૨૦૧૨ને શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે ઉજવાશે. સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૫-એના તમામ વસાહતીઓને પ્રસાદ અને દર્શનનો લાભ લેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

એમ.બી.પટેલ કન્યા વિદ્યાલયનું પરિણામ ૯૯.૮૯ ટકા આવ્યું

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાનું ધોરણ ૧ થી ૭ નું વર્ષ ૨૦૧૧-૧૨ નું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૯૯.૮૯ ટકા આવેલ છે.

પેપરસેટર અને કોર્ડનેટરની જવાબદારી સંભાળનાર

યુનિ.ના કોમર્સ ડીન દ્વારા ક્રેડીટ ગુણ નિયમનો ભંગ

અમદાવાદ, તા.૦૩

ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ ડીને ચાલુ પરીક્ષાની કામગીરીમાં નિયમ વિરુદ્ધ પેપર સેટર અને કોર્ડિનેટરની જવાબદરી સંભાળી પોતે એકલા જ યુનિવર્સિટી ચલાવતા હોવાની ચર્ચા કરી રહ્યા છે. ભૂતકાળમાં કોમર્સ ડીન સૌરભ ચોક્સી પણ આજ વર્તન કરી મોટાભાગની કામગીરી પોતાના જ મળતીયાઓને આપતા હતા. કોમર્સ ડીને પણ પેપર સેટરની કામગીરી પોતે સંભાળી ક્રેડીટ ગુણોનો ભંગ કર્યો છે. ગુજ. યુનિ. માં હાલ વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી છે. અત્યાર સુધીમાં કેટલીક મુખ્ય પરીક્ષાઓ પૂર્ણ થઇ ગઇ છે. આ પરીક્ષાની કામગીરીમાં પરીક્ષા સમિતિ કોલેજો પાસેથી અધ્યાપકોના મંગાવેલા ક્રેડીટ ગુણના આધારે જવાબદારી સોપતી હોય છે. પરંતુ પરીક્ષા સમિતિના સભ્ય અને કોમર્સના ડીને નિયમોને ભંગ કરી પ્રથમતો એસવાય બીકોમ, બીબીએ અને એમકોમના પેપર સેટર તરીકે ફરજ બજાવી ત્યારબાદ નીયમ મુજબ કોઇપણ અંક માર્જ ક્ટેક્ટીમાં પેપર સેટર તરીકે ફરજ બજાવી શકે અને ટીવાયનો અનુભવ હોય તો જ એમકોમમાં પેપરસેટર તરીકે ફરજ બજાવી શકે. તેમ છતાં તેમણે આ નિયમનો ભંગકરી એમ કોમમાં પેપર સેટર તરીકે ફરજ બજાવી. આ ઉપરાંત તેમણે એસવાયુ બીકોમ, બીબીએ સહિત એમકોમમાં કોર્ડીનેટર ઉત્તરવહી મુલ્યાંકનની કાગીરી પણ કરી રહ્યા છે. નિયમ મુજબ એક સાથે ડબલ કામગીરી સંભાળી શકે નહીં. તેમ છતાં તેમણે નિયમનો ભંગ કરી આ કામગીરી સંભાળી છે. તેમણે અનુભવી અધ્યાપકોને કામગીરી સોંપવાને બદલે તમામ કામગીરી પોતે અને પોતાના મળતીયાઓને સોંપતા ભારે વિવાદ સર્જાયો છે. કોમર્સ ડીન તો પોતે યુનિવર્સિટી ચલાવતાહોવાની જાહેરમાં ચર્ચા પણ કરી રહ્યા છે. આ અંગે ગુજ. યુનિ. ના કુલપતિ પૂછતા તેમણે જણાવ્યુંહતું કે આ મામલાની તપાસ કરાશે. હાલ યુજીસીના નિયમ મુજબ પગાર ધોરણ ચૂકવાતા હોય છતા અધ્યાપકો પરીક્ષાની કામગીરીથી દૂર રહેછે.

આવતીકાલે ગ્રીનસીટીના તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૩

ગ્રીનસીટી ઈન્ડસ્ટ્રીઝ રેસીડેન્સ ઓનર્સ એસોસિએશન સેક્ટર-૨૬ના સભાસદોનું સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ આવતીકાલે તા. ૫મી મે ૨૦૧૨ને સાંજે ૫ કલાકે સેક્ટર-૨૬, ગ્રીનસીટીના કોમન પ્લોટ, ગાર્ડન ખાતે યોજાશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સિનિયર સિટીઝન્સનું સન્માન પણ કરવામાં આવશે.

રાત્રે લોક સાહિત્ય ડાયરા સાથે કાર્યક્રમ સંપન્ન થશે.

કલોલ હોલી ચાઈલ્ડ સ્કૂલમાં તા. ૬ઠ્ઠી મેના રોજ પુસ્તક મેળો

ગાંધીનગર, તા. ૩

હોલી ચાઈલ્ડ સ્કૂલ કલોલ તરફથી શિષ્ટવાચકના પ્રચાર માટે શ્રી સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ ભૂજના સહયોગથી ચોથા પુસ્તક મેળાનું આયોજન તા. ૬ઠ્ઠી મેના રોજ હોલી ચાઈલ્ડ સ્કૂલ કલોલમાં રાખવામાં આવેલ છે.

આ પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન સ્વામી સચ્ચિદાનંદ મહારાજ (દંતાલી) ના હસ્તે તા. ૬ઠ્ઠી મેના રોજ સવારે રાખેલ છે.

વાર્ષિક પરીક્ષા પરિણામ

શેઠ સી ઍમ હાઈસ્કૂલ

ધોરણ	રેન્ક	વિદ્યાર્થીનું નામ	ટકા
૮ એ	૧	ભટ્ટ ધ્રુવિન બિમલ	૯૨.૮૦
	૨	પરમાર ધ્રુવિક જિતેન્દ્રકુમાર	૯૨.૨૦
	૩	પટેલ નિસર્ગ ચંદ્રકાન્ત	૯૦.૯૦
૮ બી	૧	પટેલ તિર્થકુમાર નવિનકુમાર	૮૭.૭૦
	૨	પટેલ સાહિલ મહેશભાઈ	૮૬.૮૦
	૩	ચૌહાણ જયરાજસિંહ ભરતસિંહ	૮૪.૦૦
૮ સી	૧	ઓઝા નિરવ કૌશિકભાઈ	૯૪.૫૦
	૨	પટેલ જૈનિલ વિષ્ણુભાઈ	૯૨.૫૦
	૩	મોદી અંકિત અલ્કેશકુમાર	૯૧.૨૦
૮ ડી	૧	લાલન ધાર્મિત કિર્તીકુમાર	૯૦.૩૦
	૨	પંચાલ અનિરુદ્ધ મહેન્દ્રભાઈ	૮૫.૮૦
	૩	મેવાડા વત્સલ જિતેન્દ્રકુમાર	૮૪.૬૦
૮ ઈ	૧	વાઘેલા શૈવાલીસિંહ અનિલસિંહ	૯૧.૫૦
	૨	ચૌધરી સચિન ગણેશભાઈ	૯૦.૭૦
	૩	પટેલ રવિકુમાર સુરેશભાઈ	૮૬.૧૦
૮ એફ	૧	જાદવ યશકુમાર બાબુલાલ	૮૫.૩૦
	૨	પટેલ કેતનકુમાર બાબુભાઈ	૮૪.૮૦
	૩	પ્રજાપતિ રામદેવ વાસુદેવભાઈ	૮૨.૮૦
૮ જી	૧	પરમાર મિહિરકુમાર જયંતકુમાર	૯૨.૧૦
	૨	જાની રજનીશકુમાર ચંદુલાલ	૮૯.૩૦
	૩	ચુડાસમા નૈશલ રાજેન્દ્રકુમાર	૮૮.૯૦
૯ એ	૧	દવે નિલય કમલેશકુમાર	૯૨.૮૬
	૨	જાની રાજ શરદકુમાર	૯૨.૧૪
	૩	રાઠવા દિવ્યાંગ ભીમસિંહ	૮૯.૧૪
૯ બી	૧	પટેલ દર્શક ભરતભાઈ	૮૯.૫૭
	૨	મોદી પ્રિન્સ અતુલકુમાર	૮૯.૧૪
	૩	ચૌહાણ સુર્યદીપસિંહ મૂળસિંહ	૮૭.૮૬
૯ સી	૧	પરમાર હાર્દિક નરેન્દ્રભાઈ	૯૦.૫૭
	૨	પટેલ જય રાજેન્દ્રભાઈ	૮૯.૨૯
	૩	પટેલ મીત સુનીલકુમાર	૮૯.૨૯
૯ ડી	૧	દાવડા અભિષેક હિતેશભાઈ	૯૩.૭૧
	૨	ચૌધરી જય મૂળજીભાઈ	૯૧.૭૧
	૩	રતનકર ચિરાગ કિર્તીકુમાર	૮૮.૧૪
૯ ઈ	૧	વાલેરા પાર્થકુમાર કનુભાઈ	૮૭.૭૧
	૨	જામોદ ચેતન હરજીભાઈ	૮૫.૪૩
	૩	પરમાર ધવલ મનુભાઈ	૮૫.૦૦
૯ એફ	૧	સોલંકી હર્ષકુમાર પ્રવિણચંદ્ર	૮૬.૭૧
	૨	મોદી લોમેશકુમાર પ્રવિણભાઈ	૮૪.૮૬
	૩	વાઢેર ચિરાગકુમાર ચેહાભાઈ	૮૩.૪૩
૯ જી	૧	કાલિયા ગૌરવકુમાર કાંતિલાલ	૯૪.૦૦
	૨	પટેલ દર્ષિતકુમાર પ્રદ્યુમનભાઈ	૯૨.૨૯
	૩	પટેલ જિગરકુમાર નલિનભાઈ	૮૯.૫૭

પ્રેરણા વિદ્યાલય

ધોરણ	રેન્ક	વિદ્યાર્થીનું નામ	ટકા
૮	૧	ટેલર દર્શના હિરેનભાઈ	૮૩.૮
	૨	ઠાકર હેમાંગ અજયકુમાર	૭૬.૪
	૩	ગોંડલિયા જયદીપ જયરાજ	૭૫.૩
૯	૧	ગોંડલિયા આરતી જયરાજ	૭૬
	૨	અજમેરી અલ્તમશ ઇમ્તિયાઝમહંમદ	૭૪
	૩	ચૌહાણ ક્રિષ્ના કમલસિંહ	૭૩.૧૪
૧૧	૧	વાઘેલા તેજસ્વી પ્રવિણભાઈ	૭૦.૧૪
	૨	નિનામા દર્શના કાન્તિલાલ	૭૦.૧૪
	૩	ભક્તાણી સાગર જગતીશભાઈ	૬૬.૨૮

ઓમકાર વિદ્યામંદિર

ધોરણ	રેન્ક	વિદ્યાર્થીનું નામ	ટકા
જુકેજી	૧	દેસાઈ અર્ચનાબેન ભરતભાઈ	૯૩
	૨	પટેલ યુગ વિજયકુમાર	૮૪.૨૫
	૩	વાઘેલા નેહાબેન વિક્રમસિંહ	૮૨.૭૫
સિકેજી	૧	વાઘેલા મિત્તલબા વિજયસિંહ	૯૦
	૨	સોલંકી સમીરસિંહ અરવિંદસિંહ	૮૭.૨૫
	૩	સોલંકી તમન્ના વિજયસિંહ	૮૭
૧	૧	ડામોર ભાવિકા પોપટલાલ	૯૧.૨૫
	૨	સોલંકી પિનેશ કેતનકુમાર	૯૦.૫
	૩	પટેલ પાર્થ દિનેશભાઈ	૮૯
૨	૧	ડામોર સંધ્યા પોપટલાલ	૯૩
	૨	વાઘેલા પૂર્વરાજસિંહ સુરેન્દ્રસિંહ	૮૫.૭૫
	૩	સોલંકી પંકજ માણેકજી	૮૩
૩	૧	શાહ સ્મિત કમલેશભાઈ	૯૨.૦૨
	૨	રાવલ કમલેશ રાધેશ્યામભાઈ	૮૪.૮
	૩	પટેલ કૃપેશકુમાર રાજેશભાઈ	૮૪
૪	૧	રાવળ સાહિલ વિષ્ણુભાઈ	૮૮.૬
	૨	રાઠોડ રાજદીપ મહોબતસિંહ	૮૮
	૩	વાઘેલા ધનરાજ ગણપતસિંહ	૮૭.૬
૫	૧	રાઠોડ દશરથ ગેબાભાઈ	૮૨.૫
	૧	પટેલ નિખિલ નરેન્દ્રકુમાર	૮૨.૫
	૨	પટેલ સુજલ કનુભાઈ	૭૫.૮૩
	૩	પટેલ સંજનાબેન ગુલાબભાઈ	૬૭.૮૩
૬	૧	સોની કેયુર રાજેશભાઈ	૯૧.૭૧
	૨	વાઘેલા રિયા અમરસિંહ	૮૨.૨૮
	૩	વાઘેલા હિના કિશનસિંહ	૭૯.૪૨
૭	૧	પટેલ શિવાની કનુભાઈ	૮૫.૮૫
	૨	રાવલ જયેશ શંભુભાઈ	૮૩.૫૭
	૩	પટેલ અક્ષિત કનુભાઈ	૭૯.૪૨

કલરવના બાલોત્સવમાં બાળકોનો કલશોર

તસવીર : દીપક જાની

ગાંધીનગર, તા. ૩

કલરવ સંસ્થા દ્વારા આયોજિત બાલોત્સવમાં ૧૩૦ જેટલા તાલીમાર્થી બાળકો સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે વિવિધ રંગમંચ-લક્ષી કલાઓનીતાલીમ મેળવી રહ્યા છે. આગામી બે દિવસમાં આ સંખ્યા વધશે એવો સંચાલકોનો મત છે.

ઉલ્લેખનીય છે કે કલવરસંસ્થા દ્વારા ૨૦૦૭, ૮, ૯ અને ૧૦માં પણ આ પ્રકારના તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમ શિબિર પછી તાલીમાર્થીઓને પરફોર્મન્સની તક આપવાનો ક્રમ પણ કલવર દ્વારા જાળવવામાં આવે છે. એ ક્રમ આ વખતે પણ જાળવવાનો નિર્ણય રહીછે.

આ શિબિર આગામી તા. ૧૨ મે સુધી ચાલશે, એ પછી તા. ૧૩ મે ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમ્યાન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે તાલીમાર્થી બાળકોનો સ્ટેજ શો યોજવાનું આયોજન પણ કલવર દ્વારા વિચારવામાં આવ્યું છે.

બાલોત્સવ-૨૦૧૨ અંતર્ગત મિશ્ર રાસની તાલીમ નીતિન દવે દ્વારા, કથ્થક નૃત્યની તાલીમ ગાર્ગી પસારી અને મીતિ ભટ્ટ દ્વારા, ભરતનાટ્યમ્‌ની તાલીમ ખુશ્બુ દેસાઈ દ્વારા, નાટ્યની તાલીમ કુંતલ નિમાવત-કશ્યપ નિમાવત દ્વારા, રાજસ્થાની નૃત્યની તાલીમ પીટર વેસ્લી દ્વારા તથા ઘુમર નૃત્ય, કાલબેલીયા, તેરા તાલી અને ચક્રી નૃત્યની તાલીમ જીગર ત્રિવેદી દ્વારા તાલીમાર્થીઓને આપવામાં આવી કરવામાં આવ્યો છે.

પ્રત્યેક મનુષ્યમાં પરમાત્માનો અંશ વિદ્યમાન છે જ

સમર્પણ ધ્યાનના પ્રણેતા સદ્‌ગુરૂ શ્રી શિવકૃપાનંદજી સ્વામિ આજે ગાંધીનગરનો આંગણે

હિમાલયનું નામ પડતાં જ આપણા ચિત્તપટલ ઉપર હિમાચ્છાદિત ધવલ ગિરીશૃંગોનું સ્મરણ થઈ આવે છે અને અનાયાસે વંદનીય ભાવ પણ ઉત્પન્ન થઈ જાય છે. તેનું કારણ કદાચ ત્યાંના તપસ્વી લોકની આધ્યાત્મિક ઊર્જાનો પ્રભાવ હોઈ શકે છે. પણ આજે સામાન્ય માનવીનું એ ગજું નથી કે તે આવા ઊર્જાક્ષેત્રનો ક્યાસ કાઢી શકે. હા, જો

હિમાલયના જ સાક્ષાત ઋષિ સમાજમાં આવીને ન તો કેવળ હિમાલયની ગિરીશૃંખલાઓમાં સાધનારત મુનિઓનું વર્ણન કરે બલ્કે તેમની દિવ્ય અનુભૂતિ પણ કરાવે તો અને તો જ ભારતના ભવ્ય આધ્યાત્મિક વારસાનો મૂળગામી પરિચય સહુને પ્રાપ્ત થાય.

ભારતના એક એવા જ સાક્ષાત્કારી ઋષિ છે સમર્પણ ધ્યાનના પ્રણેતા સદગુરુ શ્રી શિવકૃપાનંદજી, જેમણે હિમાલયના દુર્ગમ વિસ્તારોમાં વિકટ પરિસ્થિતિઓ સહીને હિમાલયનિવાસી પરમાત્માના માધ્યમ એવા મુનિઓ સાથે રહીને સાધના કરી અને એક એવી આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી કે જેને શાસ્ત્ર પૂર્ણત્વ કહે છે. આ આભ ઊંચાઈને પ્રાપ્ત કરીને તેઓ ન થંભ્યા. તેઓ સમાજમાં પરત ફર્યા અને આ ઈશ્વરીય જ્ઞાનને સામાન્યમાં સામાન્ય માનવી પણ સમાજમાં રહીને પ્રાપ્ત કરે અને સંતુલિત જીવન વ્યતીત કરતાં કરતાં મનુષ્યની શ્રેષ્ઠ કક્ષા મહામાનવને પ્રાપ્ત કરે.

સ્વામિજીનું બાળપણ તેમના નાના-નાનીની હૂંફમાં મોસાળમાં વિત્યું. તેમને માટે બાળપણમાં આધ્યાત્મિક પ્રશ્નોના જવાબ માટે શ્રોતા અને માર્ગદર્શકની ભૂમિકા તેમનાં નાનીજી નિભાવતાં. તેમનાં નાનીના મુખેથી તેઓ અનેકવાર સાંભળી ચૂક્યા હતા કે પરમાત્મા અવિનાશી છે, તે ગઈકાલે પણ હતા, આજે પણ છે અને આવતીકાલે પણ હશે જ. તેથી તેમને વર્તમાન સમયના પરમાત્માના અસ્તિત્વને સમજવાની તીવ્ર જિજ્ઞાસા બાળપણથી જ રહેતી હતી. વર્તમાન સમયના પરમાત્માને પ્રાપ્ત કરવાની ઝંખના તેમને ધીરે ધીરે આધ્યાત્મિક માર્ગ પર દોરી ગઈ.

અભ્યાસકાળ અને એ પછી માર્કેટીંગ મેનેજરની નોકરી દરમ્યાન પણ પરમાત્માની પ્રાપ્તિની તલસ તીવ્ર રહી. તેમણે એવું અનેક વખત અનુભવ્યું હતું કે જ્યારે પણ તેઓ તીર્થસ્થળ પર કે દૈવી સ્થાનક પર જતાં ત્યારે તેમને ત્રણ સ્વપ્નદર્શન એક ક્રમમાં થતાં. જેમાં પ્રથમ તેમને નેપાળનું પશુપતિનાથનું મંદિર દેખાતું, ત્યારબાદ એ તેજસ્વી, લાંબી દાઢીવાળા અને ગૌર વર્ણવાળા વૃધ્ધ સંતનાં દર્શન થતાં અને અંતમાં તેમને કોઈક ટેકરી પર સ્થિત શિવાલય નજરમાં આવતું. આનો અર્થ શું એવું તેઓ ક્યારેય કળી શકતા ન હતા. એ પછી અચાનક એમણે નેપાળ પશુપતિનાથદાનાં દર્શને જવાનો નિર્ધાર કર્યો, કોઈનેય જાણ કર્યા વિના તેઓ નેપાળ જવા નીકળી ગયા.

પશુપતિનાથ મંદિરે પહોંચીને તેમણે રૂદ્રાભિષેકની ઈચ્છા વ્યક્ત કરી તો પુજારીએ તેમને નામ સહિત જણાવ્યું કે મને ખબર જ હતી કે આપ આજે અહીં આવવાના છો. સ્વામિજીને ખૂબ આશ્ચર્ય થયું. આ આશ્ચર્ય ત્યારે બેવડાયું જ્યારે પુજારીએ એમ કહ્યું કે આપને મળવા માટે એક સજ્જન ત્રણ દિવસથી રાહ જુએ છે. સ્વામિજીને થયું કે મેં તો નેપાળ આવવાનો નિર્ણય માત્ર ૩૬ કલાક પહેલાં લીધો હતો, તો એ સજ્જનને ત્રણ દિવસ પૂર્વે કેવી રીતે ખબર પડી ગઈ! રૂદ્રાભિષેકમાં તેમનું મન ન લાગ્યું. રૂદ્રાભિષેક પૂર્ણ કરી તેઓ વૃધ્ધ સજ્જનને મળ્યા. તેમણે જણાવ્યું કે તેઓ શિબુ નામના ગામથી આવ્યા છે અને ત્યાંની જ પાસે આવેલી ગુફામાં સાધનારત એક બાબાએ તેમને સ્વામિજીને પોતાની પાસે લઈ આવવાની સૂચના આપી હતી.

સ્વામિજીને બધું રહસ્યમય લાગવા માંડ્યું. યંત્રવત્ તેઓ એ સજ્જનની પાછળ ચાલવા લાગ્યા. ત્રણ દિવસના પગપાળા પ્રવાસ બાદ તેઓ એ સ્થાને પહોંચ્યા કે જ્યાં બાબાની ગુફા હતી. પૂરા દિવસની પ્રતીક્ષા બાદ સાંજે ગુફામાંથી એક વૃધ્ધ સંત બહાર આવ્યા. તેમને જોઈને તો સ્વામિજી દિગ્મૂઢ જ થઈ ગયા. કેમકે આ તો એ જ વૃધ્ધ - લાંબી દાઢીવાળા તેજસ્વી સંત હતા કે જે તેમને વારંવાર દર્શન આપતાં હતાં. સાષ્ટાંગ પ્રણામ કર્યાં. બાબા તેમને પોતાની ગુફામાં લઈ ગયા. પોતાની ઓળખ શિવબાબા તરીકે આપી અને પોતાનું મૂળ સ્થાન ભાવનગર જણાવ્યું. તેમણે પોતાની સાધનાની તમામ શક્તિ સ્વામિજીમાં હસ્તાંતરિત કરી દીધી. બસ, એ પછી સ્વામિજીની પરમાત્માને બહાર શોધવાની ખોજ સમાપ્ત થઈ અને આંતરખોજનો આરંભ થયો.

લગ્ન અને ત્યારબાદ પ્રથમ સંતાનના જન્મ બાદ તેમના જીવનમાં ફરી એક સદ્‌ગુરૂ પધાર્યા. તેમણે સત્ય અને શક્તિશાળી વાણીમાં સ્વામિજીનાં ધર્મપત્નીને જણાવ્યું, 'તારો પતિ તારો સંસાર ચલાવવા નથી આવ્યો. તેનો સંસાર તો ઘણો મોટો છે. તેના વડે આખા વિશ્વસ્તરનું કાર્ય થવાનું છે. તો તેને તું મને સોંપી દે.' તેમની સત્યપૂત વાણીને માન આપીને રાજીખુશીથી તેમણે સ્વામિજીને હિમાલયમાં સાધના કરવા માટેની સંમતિ પણ આપી અને ત્યારથી શરૂ થઈ સ્વામિજીની હિમાલયના સાક્ષાત્કારી મુનિઓ સાથેની તપસ્યા.

પંદર વર્ષની હિમાલયની સાધના બાદ સમાજમાં ધ્યાનની સાચી ઓળખ આપવા, ધ્યાન પ્રત્યેની ગેરમાન્યતાઓને દૂર કરવા અને સમાજના ઉત્થાન માટે તેઓ સમાજમાં પરત ફર્યા છે. પ્રત્યેક મનુષ્યમાં પરમાત્માનો અંશ વિદ્યમાન છે જ. બસ તેને ઉજાગર કરવાનું કાર્ય તેઓ સામાન્ય માનવીને નિઃશુલ્ક શીખવે છે. તેમણે હિમાલયના દિવ્ય સંતો કે જેઓ પરમાત્મામાં લીન રહે છે તેમનું, પરમાત્માની સત્ય સમજ, ચૈતન્યની અનુભૂતિ અને વિકટ પરિસ્થિતિઓમાં પણ કરેલ ભગીરથ સાધનાનું તેમજ હિમાલયના દુર્ગમ તથા નિસર્ગદત્ત સૌંદર્યથી ભરપૂર સ્થાનોનું વર્ણન પોતાના દ્વારા લિખિત એક આધ્યાત્મિક ગ્રંથમાં કર્યું છે, જેનું નામ છે : હિમાલયનો સમર્પણ યોગ.આવા આત્મસાક્ષાત્કારી સદ્‌ગુરૂના સાક્ષાત સાંનિધ્યને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સહુ કોઈને પ્રાપ્ત થાય તે માટે મહાધ્યાનનો કાર્યક્રમ ગાંધીનગર ખાતે આજે સવારે ૫ થી ૭ દરમ્યાન યોજવામાં આવ્યો છે.

આ અંગેની વધુ માહિતી સમર્પણ ધ્યાનની વેબસાઈટ **www.samarpanmeditation.org** ઉપરથી અથવા કીના કાલરિયા (૯૮૭૯૧ ૯૩૫૫૫)નો સંપર્ક કરવાથી મળી શકશે.

પ્રસંગસર